પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૮ | ૧૯ ડીસેમ્બર, ૨૦૨૦, શનિવાર; માગશર - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઉત્તર ભારતમાં ઠંડીનું તીવ્ર મોજુ

## કાશ્મીરમાં ઠંડીએ ૧૦ વર્ષનો રેકોર્ડ તોડયો, શ્રીનગર માઇનસ ૬.૪ ડિગ્રીએ થથરી ગયું : રાજસ્થાન સહિતના પાંચ મેદાની રાજ્યોમાં ગંભીર શીતલહેર



ન્યુ દિલ્હી,તા.૧૮

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કાશ્મીરની પર્વતમાળાઓમાં ભારે હિમવર્ષાના પગલે કાશ્મીર ખીણમાં ડિસેમ્બર મહિનામાં પડતી ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જમ્મુ-કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં માઇનસ ૬.૪ ડિગ્રી તાપમાન સાથે છેલ્લા ૧૦ વર્ષની ડિસેમ્બરની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. શ્રીનગરમાં બુધવારનું મહત્તમ તાપમાન ૩ ડિગ્રી નોંધાયું હતું. લદ્દાખના દ્રાસમાં માઇનસ ૨૬.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. જ્યારે લદ્દાખમાં માઇનસ ૧૬.૧ અને કારગિલમાં માઇનસ ૧૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કાશ્મીરના સ્કી રિસોર્ટ ગણાતા ગુલમર્ગમાં માઇનસ ૧૧, પહેલગામમાં માઇનસ ૮.૯, કાઝિગુંડમાં માઇનસ ૪.૯, કુપવાડામાં માઇનસ ૫.૮, કોકરનાગમાં માઇનસ ૪.૮, સોનમર્ગમાં માઇનસ ૭.૧, અનંતનાગમાં માઇનસ ૬.૦ અને શોપિયાંમાં માઇનસ ૮.૪ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી.

કાતિલ ઠંડીના કારણે કાશ્મીરનું વિશ્વવિખ્યાત દાલ સરોવર થીજવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કાશ્મીર ખીણમાં સંખ્યાબંધ સ્થળે સબઝીરો તાપમાનના કારણે નદી-નાળા થીજી ગયાં છે. શ્રીનગરમાં ગુરુવારે સવારે પાણીની પાઈપલાઈનો પણ

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હી સહિત અલગ-અલગ ત્રણ રાજ્યોમાં ભૂંકપના આંચકા

## દિલ્હીમાં ગુરૂવાર રાત્રે ૧૧.૪૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા, આંચકાને લીધે લોકો ઘરોની બહાર નીકળ્યા

નવી દિલ્હી,તા.૧૮

કડકડથી ઠંડીમાં જ્યારે ઊંઘ વધારે લાંબી થઈ જાય છે ત્યારે આવામાં ભૂકંપના આંચકાએ પાછલી રાત્રે લોકોને વધારે ધ્રૂજાવી દીધા હતા. પાછલી રાત્રે આવેલા ભૂકંપના આંચકા મોટા હોવાના કારણે લોકો રસ્તાઓ પર દોડી આવ્યા હતા. માત્ર દિલ્હી જ નહીં ગાઝિયાબાદ અને રાજસ્થાન તથા મણિપુરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દિલ્હી-એનસીઆરમાં લગભગ ૧૧.૪૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો આંચકા અનુભવીને ઘરોની બહાર નીકળી ગયા હતા. શુરઆતની જાણકારી પ્રમાણે ભૂકંપની તિવ્રતા ૪.૨ જણાવાઈ રહી છે. ભૂકંપનું કેન્દ્ર ગુરુગ્રામથી ૪૮ કિલોમીટર દૂર દક્ષિણ-પશ્ચિમમાં બતાવી રહ્યું છે. આ પહેલા ૨ ડિસેમ્બરે સવારે દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. રાજસ્થાનના સીકર જિલ્લામાં પણ ગુરુવારે સાંજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હવામાન વિભાગને મળેલી વિગતો પ્રમાણે ભૂકંપની તીવ્રતા ૩.૦ રિએક્ટર મપાઈ હતી. આ સંબંધમાં ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયએ રાષ્ટ્રીય વિજ્ઞાન કેન્દ્રએ પણ પૃષ્ટિ કરી



છે. મળતી વિગતો પ્રમાણે ભૂકંપનું લેટિટ્યુડ નોર્થ સાઈડમાં ૨૭.૪૦ અને લૉંગિટ્યુડ ઈસ્ટ તરફ ૭૫.૪૩ માપવામાં આવ્યું છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ ગુરુવારે રાત્રે મોઈરંગમાં મણિપુરની નજીક રિક્ટર સ્લેક પર ભૂકંપનો આંચકો ૩.૨ની તીવ્રતાનો નોંધાયો હતો.

# વિપક્ષો ખેડૂતોના ખભે બંદૂક ફોડે છે : મોદી

## કૃષિ કાયદાનો વિરોધ કરતા વિરોધ પક્ષો પર વડાપ્રધાનના પ્રહાર : વડાપ્રધાન મોદીના એમએસપી અને સ્વામીનાથન કમિટી, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સહિતના તમામ મુદ્દે ખુલાસા



નવી દિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષિ ક્ષેત્રમાં લાગુ કરેલા નવા કાયદાનો વિરોધ કરી રહેલા દેશના રાજકીય પક્ષોનો બરાબરનો ઉધડો લીધો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે, આ જ રાજકીય પક્ષો પોતાના ચૂંટણી ઢંઢેરામાં આ જ પરિવર્તનની વાત કરતા હતાં, પરંતુ આજે અમારી સરકારે તે કરી બતાવ્યું તો વિરોધીઓને ભારે પીડા થઈ રહી છે. પીએમ મોદીએ એમએસપી અને સ્વામીનાથન કમિટી, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સહિતના તમામ મુદ્દે ખુલાસા કર્યા હતાં.

પીએમ મોદીએ આંદોલન કરી રહેલા ખેડૂતો અને નવા કૃષિ કાયદાને લઈને કહ્યું હતું કે, જે રાજકીય પક્ષો વર્ષોથી પોતાના ચૂંટણી ઢંઢેરામાં આ સુધારાની

● અનુસંધાન પાન-૭ પર


# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ભરતભાઈ અભયસિંહ કવિ 'ઊર્મિલ'

(ગઢવી, રોહડિયા)

જન્મ તા. ૧૭/૧/૧૯૪૭ ● સ્વર્ગવાસ તા. ૧૯/૧૨૨૦૧૯

અરમાન જિંદગીના પુરા થાય તો ઘણું છે,
બે-ચાર પણ જો કામ સારા થાય તો ઘણું છે.
ખુલ્લા બે હાથ જગમાં લાવ્યા હતા ને જાશું,
એ વાત બસ જો યારો, સમજાય તો ઘણું છે.

પપ્પા,
તમારી વસમી વિદાયને આજે વર્ષ થઈ ગયું...
પણ અમારી આંખો હજુ સુકાઈ નથી.
આપનો પ્રેમ તથા પરગજુ સ્વભાવ,
સત્કાર્યોની સુવાસથી પ્રેરણામૂર્તિ બને...
તમારી અમી દૃષ્ટિ સદૈવ અમારા પર
વરસતી રહે તેવી પ્રાર્થના...

ગં. સ્વ. ગુણિયલબા ભરતભાઈ કવિ (પત્ની)

અલ્પાબા તુષારભાઈ કવિ (પુત્રવધૂ) — તુષાર ભરતભાઈ કવિ (પુત્ર)
નેહાબા કિશનસિંહ કવિ (પુત્રવધૂ) — કિશનસિંહ ભરતભાઈ કવિ (પુત્ર)
જિજ્ઞાબા દેવાંગ કવિ (પુત્રવધૂ) — દેવાંગ ભરતભાઈ કવિ (પુત્ર)

રૂદ્રદત્ત, રાજવી, અનુરાગ, નિર્મળ, જયતિ (પૌત્ર-પૌત્રીઓ)